|| ૐ  શ્રી સાઈરામ ||

|| ૐ  શ્રી સાઈ સુજ્ઞાન માર્ગદર્શકાય નમ: ।। (૭૫)

## યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે માર્ગ દર્શાવનારા

## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

સ્વામી કહે છે-“મન અને ઇંદ્રિયોના સંયોગથી મળેલું જ્ઞાન તેમજ બુદ્ધિના યોગે મેળવેલું અને આત્માને પ્રકાશમાન કરતું જ્ઞાન એ સંપૂર્ણ, મુક્તિપ્રદાયક તેમજ સત્ય દર્શાવનારું હોય છે.”

ભગવાન શ્રી સત્ય સાઈબાબા એ શ્રેષ્ઠ સદ્ગુરુ હોવાથી તે અતિ ઉચ્ચ જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ બતાવે છે. તે લોકગુર તેમજ વ્યક્તિગુરુ પણ છે. પોતાના અવતાર કાર્યના એક સાધન તરીકે ભગવાને ‘ સનાતન સારથિ ’ નામનું માસિક શરૂ કર્યું. આ માસિક પત્રિકા દ્વારા ભગવાન બાબા સાધકોને માર્ગદર્શન આપે છે. આમાં પ્રસિદ્ધ થનારા ઉપદેશાત્મક પ્રવચન દ્વારા ભક્તોને ઉચિત જ્ઞાન પ્રાપ્ત થાય છે.

આ સિવાય, ભગવાન બાબા જયારે કેટલાક ભક્તોને મુલાકાત માટે બોલાવે છે, ત્યારે તેમની સાથે બોલતી વખતે અનેક દષ્ટાંત આપીને, ઉપદેશાત્મક કથા કહીને તેમનું માર્ગદર્શન કરે છે. તેમજ વૈયક્તિક માર્ગદર્શન કરીને તેમની સમસ્યાઓનું નિવારણ કરે છે અને ભક્તોના વ્યક્તિત્વમાં પરિવર્તન લાવે છે.

ઈ.સ .૧૯૪૧ સાલની આકથા પ્રસિદ્ધ છે. એક નગ્ન સાધુ પગના દુખાવાને લીધે પાલખીમાં બેસીને દિગંબર અવસ્થામાં સર્વત્ર ફરતો અને સદૈવ મૌન પાળતો. તે વખતે સ્વામી સૌ. સુબમ્મા અને શ્રી. કર્ણમના ઘરે રહેતા હતા. જ્યારે આ સાધુની પાલખી શ્રી. કર્ણમના ઘરની સામે લાવીને મૂકવામાં આવી, ત્યારે બધાના મનમાં ઉત્સુકતા હતી કે, સ્વામી હવે શું કરશે?

સ્વામી શાંતિથી બહાર આવ્યા અને આવતી વખતે એક ટુવાલ સાથે લીધો અને તે ટુવાલ સાધુને આપીને બોલ્યા - “ આપ નગ્ન રહો છો એનો અર્થ આપે સમાજ સાથે સબંધ તોડી નાખ્યા છે. એમ હું માનું છું. તો પછી આપ સમાજમાં કેમ ફરો છો? શિષ્ય-પરિવાર કેમ રાખો છો? કીર્તિની ઈચ્છા હશે, તો આપ નિરિચ્છ હોવાની કલ્પનાકેમ અન્ય લોકોને કરાવવા માંગો છો? ” સ્વામીની આ વાત સાંભળીને તે સાધુ શરમાઈ ગયો. ત્યાર પછી સ્વામી બોલ્યા -“ જે પરમેશ્વરનું નામસ્મરણ કરતો

હોય છે તેને પરમેશ્વર ક્યારેય ભૂખ્યો રાખતો નથી. આપ અહીંથી એકાંત સ્થળે જઈને રહો. તમે જ્યાં હશો, ત્યાં હું તમને અન્ન અને આશ્રયસ્થાન આપીશ. ”

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||